જનસુખ માળા

મણકો ૧ લો.

માંસાહારથી થતી હાનિ

રચી છપાવી પ્રસિદ્ધ કરનાર

કવિ જનસુખરામ નરહરરામ.

હવાડિયા ચકલા--સુરત.

પ્રત ૧૦૦૦ ઇ. સ. ૧૯૧૩

શ્રી સુરત જૈન પ્રિન્ટીંગ પ્રેસમાં મટુભાઇ માનદાસે છાપ્યું.

ખપાટીઆ ચકલા—સુરત.

અર્પણ પત્રિકા.

મહેરબાન શેઠ સાકેરચંદ તલકચંદ.

ચન્દ્રમાં અમૃત તથા સૂર્યમાં પ્રકાશ હોય એમાં કાંઇ આશ્ચર્ય જેવું નથી. પૂવ જન્મના પ્રબલ સંસ્કારવિના સદ્‌બુદ્ધિની પ્રાપ્તિ થવી એ ખપુષ્પવત્‌જ સમજવી. અર્થાત્ આકાશમાં જેમ પુષ્પ થતું નથી તેમ પૂર્વ જન્મનાં શુભ કર્મ વિના અનુપમ બુદ્ધિની પ્રાપ્તિ કદાપિ થતી નથી. ધર્મમાં નૈપુણ્ય, અત્યંત ઔદાર્ય, પરમ ઐશ્વર્ય, ભવ્ય મુખ મુદ્રા, શાંત પ્રકૃતિ, ક્ષીર સાગરવત્ ઉજ્જવલ યશ, જૈન ધર્મ ઉપર દૃઢ શ્રદ્ધા, પૂર્ણ મહત્વ, કાર્યમાં દક્ષતા, વિવેક, સાત્વિક વૃત્તિ, અન્યનું શ્રેય કરવા અનુદિન તત્પરતા, અહિંસા ધર્મની વૃદ્ધિ કરવા નિરંતર ઉત્સુકતા, સર્વ જીવોપર અનુકંપા વગેરે અનેક ગુણોથી આકર્ષાઇ આ લઘુ પુસ્તક આપને અર્પણ કરૂં છું.

સેવક.

કવિ જનસુખ

માંસાહારથી થતી હાનિ.

મનુ મહારાજ કહે છે કે—

मांस भक्षयितामुत्रयस्यमांसमिहाद्म्यहम्

एतन्मांसस्यमांसत्वंप्रवदन्तिमनीषिणः

હું આ લોકમાં જેનું માંસ ભક્ષણ કરૂં છું સઃ કહેતાં પરલોકમાં માં કહેતાં મારૂં ભક્ષણ કરશે આવો **માંસ** શબ્દનો અર્થ છે આમ ધર્મજ્ઞ પંડિતો કહે છે.

સધનો નામનો એક કસાઇ હતો તે એક પ્રસંગે બકરાના અંડકોશ કાપતો હતો એવામાં તે બકરો ખડખડ હસવા લાગ્યો. તેને હસતો જોઈ આશ્ચર્ય પામી સધનો પૂછવા લાગ્યો—અલ્યા બકરા! હું તારા અંડકોશ કાપવા તૈયાર થયો છું છતાં તું હસે છે તેનું શું કારણ છે? તને હસતો જોઈ હું આશ્ચર્યના સાગરમાં ડૂબી ગયો છું.

બકરો બોલ્યો—ભાઇ! તારા અને મારા અનેક જન્મ થઇ ગયા. એક જન્મે તું બકરો હતો અને હું કસાઇ હતો. મેં તારી ગરદનપર છરી ચલાવી હતી. એક જન્મે હું બકરો હતો અને તું કસાઇ હતો તેં મારી ગરદનપર છરી ચલાવી હતી પરંતુ આજે તું મારા અંડકોશ કાપવા તૈયાર થયો છે તેથી આવતે જન્મે હું એવીજ રીતે તારા

અંડકોશ કાપીશ અને તેથીજ હું હસું છું. બધના કસાઇએ તે દિવસથી જીવ હત્યા કરવી છોડી દીધી.

આ દાખલા પરથી સિદ્ધ થાય છે કે જે પશુને મારવામાં આવે છે તે આવતે જન્મે જરૂર વૈર લે છે.

પ્રાણીમાત્રને પ્રાણ સમાન અન્ય કોઇ પ્રિય વસ્તુ નથી આવું જાણી મનુષ્યે માંસાહારનો ત્યાગ કરવો જોઇએ.

મનુ મહારાજ કહે છે કે માંસ વીર્ય અને રૂધિરમાંથી ઉત્પન્ન થાય છે તેનો, તથા દેહધારી પ્રાણીના વધનો અને તેને બંધન કરવા રૂપી ક્રૂર કર્મનો વિચાર કરીને સર્વ પ્રાણીઓનાં માંસનું ભક્ષણ કરવું નહિ.

અનુમંતા, કાતર વગેરે હથિયારથી પશુનાં અંગ કાપનારો, પ્રાણને હરી લેનારો, માંસ વેચનારો, રાંધનારો, પીરસનારો, અને ખાનારો આ સર્વ ઘાતક કહેવાય છે. જૈન ગાથામાં કહ્યું છે કે—કાચી તેમજ અપક્વ જે માંસની પેશી રાંધવા રાધવામાં આવે છે, તે રંધાયા છતાં તેમાં નિરંતર નિગોદના જીવ ઉત્પન્ન થાય છે. તે કારણથી માંસ ભક્ષણ મનુષ્યને નરક તરફ ઘસડી જનાર છે તેથી ઉત્તમ જીવે કદાપિ માંસ ભક્ષણ કરવું નહિ. જૈન પંડિત વિજયાનંદ સુરી કહે છે કે—માંસ મહા વિકાર કરેછે, અન્ન તેમ કરતું નથી. ઇત્યાદિ વિલક્ષણ સ્વભાવ છે. તેથી માંસ ખાનારની નરક ગતિ જાણીને સંત પુરૂષો અન્નના ભોજનથી તૃપ્તિ માને છે.

આપણે જે આહાર લઈએ છીએ તેના ત્રણ વિભાગ થઈ જાય છે. જે સ્થૂલતમ અંશ છે તે વિષ્ઠા થઈ નિકળી જાય છે. જે મધ્યમ અંશ છે તેનું માંસ બને છે અને જે સૂક્ષ્મ અંશ છે તેનું મન બને છે. મન શુદ્ધ થવાથી નિર્મલ દર્પણમાં પ્રતિબિંબ પડે છે, તેમ તત્કાળ જ્ઞાન ઉત્પન્ન થાય છે. જ્ઞાનથી મુક્તિ થાય છે. સઘળો આધાર આહાર ઉપરજ રહે છે. માંસનું ભક્ષણ કરવાથી નઠારાં પરમાણુઓ અંતઃકરણમાં દાખલ થાય છે અને તથી મન મલિન બની જાય છે.

મનુમહારાજ કહે છે કે—પ્રાણીઓની હિંસા કર્યા વિના કદી પણ માંસની ઉત્પત્તિ થતી નથી. તેમજ પ્રાણીનો વધ કરવાથી સ્વર્ગ પ્રાપ્ત થતું નથી તસ્માત્ માંસનો ત્યાગ કરવો. જે પુરૂષ નીજ સુખની ઇચ્છાથી અહિંસક એવાં પ્રાણીઓને હણે છે તે જીવતાં કિંવા મૃત્યુ પછી કોઇ પણ સ્થલે સુખને પ્રાપ્ત થતો નથી વિચારીને જોતાં સ્પષ્ટ જણાય છે કે બકરાં, ઘેટાં, મરઘાં, ગાય, ઘોડા, બળદ, મોર, મેના, પોપટ, તુતી વગેરે પશુ પક્ષીઓ આપણા પર મોટો ઉપકાર કરે છે. માટે બને તેમ તેઓનું રક્ષણ કરવું જોઈએ. બકરી નાના પ્રકારની વનસ્પતિ ખાય છે તેથી બકરીનું દૂધ બહુ ફાયદો કરનારૂં છે. સૈબિરિયાના લોકો બકરા બકરી પર ઘણોજ ભાવ રાખે છે. આપણામાં

કહેવત છે કે તું તો ગરીબ બોકડી જેવો છે. બકરાં ઘણાં-જ ગરીબ છે. બીજા ઘણા લાભો આપણને બકરાબકરીથી થાય છે. ઘેટાંનું ઉન ઘણુંજ ઉપયોગી છે. તેનાં ગરમ લુગ-ડાં બને છે. ગરમ લુગડાંથી શિયાળામાં આપણી ટાઢ ઉડી જાય છે. ઘેટાં બીજો કશો ઉપદ્રવ કરતાં નથી. તેઓ આપ-ણને ઘણો લાભ આપે છે માટે તેઓનો ઉપકાર ભૂલી જ-ઇ તેઓને કાપી નાંખી માંસ ખાવું એ યોગ્ય કહેવાય નહિ. મરઘાઓ પાછલી રાતે જાગી કૂકરેકૂક કરી ઉદ્યમી લોકોને જાણે એમ કહે છે કે હે ભાઇઓ! હવે ઉઠો. પ્રભાતનો સ-મય થયો છે. જાણે તેઓ સૂર્ય દેવના દૂતો હોય એમ જ-ણાય છે. તેઓ નઠારા પદાર્થોને ખાઇ જઇ હવાની શુદ્ધિ ક-રે છે. આવી રીતે મરઘાં પણ આપણા પર મોટો ઉપકાર કરે છે. ગાયોતો આપણને ઘણીજ ઉપયોગી છે. હિંદુ શા-સ્ત્રમાં ગાયનું માહાત્મ્ય ઘણુંજ વર્ણવેલું છે. ગાયનું દૂધ, ગાયનું ઘી, ગાયનું મૂત્ર, તથા ગાયનું છાણ પણ અત્યંત સુખ કરનાર છે. ગાયો આપણને સુખ, હર્ષ, અમર્ષ, તુષ્ટિ, પુષ્ટિ, શકિત, ભકિત ભુકિત, તથા મુકિત આપનારી છે. ઘો-ડા આપણી ઘણી સેવા બજાવે છે. વળી તેઓ સારી રીતે કેળવી શકાય છે. ઘોડા કેટલા ઉપયોગી છે એ વાત પ્રસિદ્ધ છે તેથી વિશેષ લખવું વ્યર્થ છે. બળદો અત્યંત બળ ધરાવે છે ખેતરના કામમાં તેઓ કેટલા ઉપયોગી છે, એ

પશુઓમાં એક વર્ગ માંસાહારી છે અને એક વનસ્પતિનો આહાર કરનાર છે. ગાય, ભેંસ, ઘોડા વગેરે વનસ્પતિનો આહાર કરનાર છે અને બીલાડાં, કૂતરાં, શિયાળ, વાઘ, વરૂ, સિંહ વગેરે માંસાહારી છે. હવે આપણે મનુષ્યને કયા વર્ગમાં મૂકવો તે જોવાનું છે. જ્યારે આપણે ગાય, ભેંસ વગેરેને પાણી મૂકીએ છીએ, ત્યારે તેઓ હોઠ દબાવી ચૂસીને પાણી લેછે. કૂતરાં બીલાડાં જીભથી પાણી લેછે. મનુષ્ય જીભથી લેતો નથી, માટે કૂદરતી રીતે તે માંસાહારી નથી.

પંડિત ડાર્વિન કહે છે કે આપણે બધા વાંદરામાંથી ઉતરી આવ્યા છીએ, પંડિત ડાર્વિનની એ કલ્પના સત્ય નથી, પરંતુ માની લો કે એ કલ્પના સાચી છે, તો જ્યારે આપણે વાંદરાની અવસ્થામાં હતા ત્યારે માંસ નહોતા ખાતા તો અત્યારે આપણાથી કેવી રીતે ખાઇ શકાય ? વાંદરાને જો માંસ નાંખશો તો તે સુંઘશે પણ નહિ તો પછી ખાવાની તે વાતજ શી કરવી ?

ત્રીજો દાખલો લો. કૂતરાં બીલાડાં જેઓ માંસાહારી છે તેઓના નખ જૂદી રીતના હોય છે. જો માણસના નખ તેવા હોત તો જરૂર તે માંસાહારી ઠરત. પરંતુ મનુષ્યના નખ તેવા નથી તેથી તે માંસાહારી નથી.

ચોથો દાખલો લો. ગાય, ભેંસ, ઘોડા વગેરે જ્યારે શ્રમિત થઇ જાય છે ત્યારે તેઓના શરીરમાંથી પરસેવો નિકળે છે. કૂતરાં બીલાડાં વગેરે માંસાહારી જ્યારે શ્રમિત

થાય છે ત્યારે લાંબી જીભ કાઢી હાંફે છે તથા લાળ પાડે છે. માણુસ જ્યારે થાકી જાય છે ત્યારે તેના શરીરમાંથી પણ પરસેવો નિકળે છે, માટે માણુસ માંસાહારી નથી.

પાંચમો દાખલો લો. વાઘ બીલાડાં વગેરે માંસાહારી રાતના વધારે દેખી શકે છે ગાય ભેંસ વગેરે દિવસના વધારે દેખી શકે છે. માણુસ પણ દિવસે વધારે દેખી શકે છે, અને તેથી તે માંસાહારી નથી.

છઠ્ઠો દાખલો લો. જેઓ વનસ્પતિનો ખોરાક લેનારાં છે તેઓ ચાવીને ખાય છે. માંસાહારી પ્રાણીઓ ખોરાક બરાબર ચાવી શકતાં નથી. ઉંડા ઉતરીને જોતાં સ્પષ્ટ જણાય છે કે માણુસ કોઇ પણ રીતે માંસાહારી નથી. માંસાહારી પ્રાણીને જોઇનેજ તે માંસ ખાતાં શીખ્યો છે.

ઘણાનું ધારવું એમ છે કે માંસ ખાવાથી શરીરમાં ખૂબ જોર આવે છે, પરંતુ એ ધારણા સત્ય નથી. હાથી સૌથી મોટામાં મોટું અને મજબૂતમાં મજબૂત પ્રાણી છે. એના અનહદ બળથી કોઇ પણ અજાણ્યું નથી. જ્યારે એને મદ ઝરે છે ત્યારે મોટાં મોટાં ઝાડોને પણ ઉખેડી ફેંકી દે છે. એ હાથી માંસ ખાતો નથી. જો માંસ ખાવાથી બળવાન્ બનાતું હોત તો હાથીની અંદર આટલું બધું શારીરક બળ કદી હોત નહિ. પાડા તો તમે જોયા હશે. એ પાડાઓ કેટલા બળવાન્ હોય છે ? પાડાઓની લડત જેઓએ જોઇ હશે તેઓએ જાણ્યું હશે કે

ત્યારેજ તેઓને માંસમાં સ્વાદ લાગે છે. કાચું માંસ સારૂં લાગતું નથી. જે સ્વાદ છે તે તો મસાલામાં છે. એ મસાલો શાક વગેરેમાં શું વાપરી શકાતો નથી ? માંસાહારીનું રસોડું જુઓ. ત્યાં કેટલી માખી બમણે છે ? એ માખીઓ માંસ પર બેસે છે તથા વિષ્ઠા નાંખે છે. આથી માંસની અંદર અનેક સૂક્ષ્મ કીડાઓ ઉત્પન્ન થાય છે. તમે તેઓને તમારી ખુલ્લી આંખથી નથી જોઇ શકતા પરંતુ યદિસૂક્ષ્મ દર્શક યંત્ર વડે જુઓ તો તમને તરતજ જણાઇ આવ. માંસાહાર કરવાથી કેટલી હાનિ થાય છે તે યથાર્થ સમજી યુરોપિયન પંડિતોએ વેજીટેરીઅન સોસાયટી સ્થાપી છે. તેઓ લેખોદ્વારાએ માંસાહારથી કેટલી હાનિ થાય છે તે વારંવાર જણાવે છે. રંક પશુઓ કે જેઓ પૂર્ણ ઉત્સાહમાં ફરતાં હોય છે તેઓને પકડી કાપી તેઓનું માંસ ખાવું એ શું મહાનિંદિત કર્મ નથી ? તમે કદી કસાઇખાના આગળ જઇ જોશો તો ત્યાં બેં બેં બેં બેં ટેં ટેં ટેં ટેં કેં કેં કેં કે ભેં ભેં ભેં ભેં એવી કારમી બૂમ સંભાળશે અને તેથી તમારા હૃદયમાં અસર થયા વિના રહેશે નહિ. માંસાહારથી ભયંકર રોગની પણ પ્રાપ્તિ થાય છે કારણ કે કેટલાંક પશુઓ રોગી હોય છે. એવાં પશુઓને કાપી તેઓનું માંસ ખાવાથી મોટી હાનિ થાય છે. ડાયોજીનસ નામનો વિદ્વાન્ કહે છે કે

કયા લાભની પ્રાપ્તિ થાય છે વારૂ ? અકબર બાદશાહ માંસને ઘણોજ તિરસ્કાર કરતો હતો. તે કહેતો હતો કે પરમેશ્વરે મનુષ્યને માટે જૂદી જૂદી જાતનો ખોરાક નિર્માણ કરેલો છે પરંતુ મનુષ્યનીજ અજ્ઞાનતાને આધીન થઇ જીવતાં પશુ પક્ષીનોનાશ કરે છે અને પોતાના શરીરને પ્રાણીઓનું કબર સ્થાન કરે છે. સ્પાર્ટન લોક વનસ્પતિનો આહાર કરનાર હોવાથી તેમની શારીરિક શક્તિ, સહન શીલતા, ધીરજ અને હિંમતની બરાબરી કોઇથી થઇ શકી નથી. આપણા ઋષિ મુનિઓ કે જેઓ વનસ્પતિનો આહાર કરનાર હતા તેઓ અધ્યાત્મ વિદ્યાના મોટા મોટા ગ્રંથો લખી ગયા છે તે ગ્રંથોમાં એવું તો ઉત્તમ તત્ત્વજ્ઞાન રહેલું છે કે આધુનિક વિદ્વાનો તેની વારંવાર પ્રશંસા કરે છે.

પ્રશ્ન—હે ભાઇ ! તમે માંસાહારની નિંદા કરો છો પરંતુ સાંભળો. તમારી દેવીને અનેક લોકો પશુનો ભોગ આપે છે. દેવીના પવિત્ર મંદિરમાં લોહીની નદી ચાલે છે. ત્યાં બ્રાહ્મણો હાથમાં ગૌમુખી લઇ બેસે છે. આ ઉપરથી સિદ્ધ થાય છે કે બ્રાહ્મણો હિંસાધર્મને ચહાય છે. ઘણા મનુષ્યો એમ સમજે છે કે દેવી આગળ રંક પશુનો ભોગ આપ્યાથી આપણું કલ્યાણ થાય છે, અને તેથી અત્યંત ક્રૂરતા ધારણ કરી તેઓ બેં બેં બેં બેં ટેં ટેં ટેં ટેં કેં કેં કેં કેં ભેં ભેં ભેં ભેં કરતા જીવોને મારી નાંખે છે. ભોગ આપેલાં પશુનું માંસ એતો દેવીની ઉત્તમ પ્ર-

